# Malataj Meladi Khara Tane Aai Lyrics | Vijay Suvada

એ સમય એવો આયો ના કોઈ મારી ફેરમાં
એ સમય એવો આયો ના કોઈ મારી ફેરમાં
દલિમાં દુશ્મની લઇ ફરે બધા ભેરમાં
વહમી વેળા એવી થાય

હે આગળ કુવોને પાછળ ખાઈ
મલાતજ મેલડી ખરા ટોણે આઈ
અલ્યા આગળ કૂવો ને પાછળ ખાઈ
મલાતજ મેલડી ખરા ટોણે આઈ

એ વખત એવો આયો ના કોઈ મારી ફેરમાં
દલિમાં દુશ્મની લઈ ફરે બધા ભેરમાં

એ મઢડે તારા રોજ હું તો આવતો રે માજી
મંદિરે માડી તારી ભીડ રેહતી ઝાઝી
હે આવું બધું જોઈને કઈ શકું ના માગી
પાછો વળી જાવ પગે તને લાગી

એ નીદર ના આવે મને આવી જોને ઘરમાં
રાજા ભુવાની દેવી આવો કરો મેર માં
કપરો ટાઈમ કેમ જાય
અલ્યા આગળ કૂવો ને પાછળ ખાઈ
મલાતજ મેલડી ખરા ટોણે આઈ

એ વખત એવો આયો ના કોઈ મારી ફેરમાં
દલિમાં દુશમની લઇ ફરે બધા ભેરમાં

એ ચારે કોર જોયું ના પોચી રે નજર
શુ કરવું કઈ મને પડી ના ખબર
એ રાજા ભુવાની પાહે જઈ ના શકું
મનમાં નોમ માં મેલડી રટું

એ ધુણતા ધુણતા માની આવ્યો હું નજરમાં
બોલાવી દીધો માં એ પાહે મને પલમાં
મનુ કે ટહુકો માનો થાય

એ આગળ કુવોને પાછળ ખાઈ
મલાતજ મેલડી ખરા ટોણે રે આઈ
એ આગળ કુવોને પાછળ ખાઈ
મલાતજ મેલડી ખરા ટોણે આઈ
એ મલાતજ મેલડી ખરા ટોણે આઈ.

GujaratiLyrics.com